**મોટર અકસ્માત વળતર અરજી અને તે પર પસાર થયેલ એવોર્ડ અન્વયે વળતરની રકમ મેળવવા માટે દાખલ થતી અરજીઓમાં નીચે જણાવ્યા મુજબની વિગતો ફરજીયાતપણે જાહેર કરવા બાબત.**

---

**સંદર્ભ :–** નામદાર સુપ્રિમ કોર્ટ સીવીલ રીટ પીટીશન નંબર ૫૩૪/૨૦૨૦ના કામે તા.૧૬.૦૩.૨૦૨૧ તથા તા.૧૬.૧૧.૨૦૨૧ ના રોજ ફરમાવેલ હુકમ મુજબ.

ઉપરોકત સંદર્ભમાં જણાવેલ નામદાર સુપ્રિમ કોર્ટે પસાર કરેલ હુકમ મુજબ આથી જણાવવાનું કે, જિલ્લા અદાલત, ખેડા મુ,નડીઆદ તથા ૪થા એડી. જિલ્લા અદાલત, મુ.કપડવંજ ખાતે દાખલ થતી તમામ પ્રકારની મોટર અકસ્માત વળતરની અરજીઓ તેમજ તેમાં પસાર કરવામાં આવેલ એવોર્ડ અન્વયે વળતરની રકમ મેળવવા માટેની દાખલ થતી વળતર અરજીઓમાં તા:– ૦૧.૦૧.૨૦૨૨ના રોજથી ફરજીયાતપણે નીચે દર્શાવા મુજબની વિગતો દર્શાવવાની અને લખવાની રહેશે. તેમજ તેને સંલગ્ન દસ્તાવેજી આધારોની સ્વયંપ્રમાણિત નકલો રજુ કરવાની રહેશે.

(૧) દરેક અરજદારોના નામ અને સરનામાની વિગત સાથે દરેક અરજદારના બેન્ક ખાતાની વિગત જેવા કે, બેન્કનું નામ, શાખાનું નામ, ખાતા નંબર અને બેન્કનો આઇ.એફ.સી. કોર્ડ નંબર ની માહિતી ફરજીયાતપણે દર્શાવવાની રહેશે.

(૨) દરેક અરજી સાથે દર્શાવેલ બેન્ક ખાતાની વિગતો અન્વયે બેન્કની પાસબુકના પ્રથમ પાનની નકલ કે જેમાં અરજદાર/અરજદારોના ફોટાઓ લગાવવામાં આવેલ હોય અને તે બેન્ક ધ્વારા પ્રમાણિત કરવામાં આવેલ હોય તે ફરજીયાતપણે રજુ કરવો.

(૩) જે અરજદાર સગીર વયના હોય તો તેઓના બેન્ક ખાતાની વિગત તેમજ તેમના વાલીના અગર તો ગાર્ડીયનના નામ સહિતની વિગતો અવશ્યપણે રજુ કરવી.

(૪) દરેક અરજદારના પાનકાર્ડની વિગત, અરજીના મથાળે નામ, સરનામા સાથે દર્શાવી તથા પાનકાર્ડની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવી.

(૫) દરેક અરજદારના આધાર કાર્ડની વિગત અરજીના મથાળે નામ સરનામા સાથે દર્શાવવી તેની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવી.

.. ૨ //

(૬) જો અરજદાર કે અરજદારો ધ્વારા પાનકાર્ડ કે આધારકાર્ડ ન ધરાવતા હોય તો તે મેળવવા માટે ની કાર્યવાહી / પ્રક્રીયા હાથ ધરવામાં આવેલ છે તે દર્શાવતી જાહેરાત અલાયતા પુરસીસ /અન્ડરટેકીંગ ધ્વારા કરવી ફરજીયાત છે.

(૭) દરેક મોટર અકસ્માત વળતરની અરજી દાખલ કરતી વખતે તેના મથાળામાં જે પોલીસ સ્ટેશનની હકુમતમાં અકસ્માતવાળો બનાવ બન્યો છે તે પોલીસ સ્ટેશનનું નામ, તાલુકા, જી.સહિતની તથા એફ.આઇ.આર.નો નંબર અને તેની તારીખ સ્પષ્ટપણે દર્શાવવી જરૂરી છે.

(૮) દરેક અરજી દાખલ કરતી વખતે ઉપરોક્ત આવશ્યક માહિતીઓ ઉપરાંત મોટર વ્હિકલ રૂલ્સના નિયમ નંબર ૨૧૧ મુજબની આવશ્યક જરૂરી અને ફરજીયાતપણે રજુ કરવાની થતી માહિતીઓ અને દસ્તાવેજી આધારો અચૂક રજુ કરવાના રહેશે.

ઉપરોકત તમામ વિગતો, માહિતીઓ અને દસ્તાવેજી આધારો નામદાર સુપ્રિમ કોર્ટે આપેલા માર્ગદર્શન અને દિશા સૂચન અન્વયે નવી દાખલ કરવામાં આવતી તમામ તથા ટ્રીબ્યનલ સમક્ષની તમામ પેન્ડિગ રહેલ અરજીઓમાં તથા ટ્રીબ્યુનલમાં ન્યાય નિર્ણય માટે મૂલતવી હોય તે તમામ વળતર અરજીઓમાં ચૂકાદો જાહેર થતાં અગાઉ ઉપરોક્ત વિગતો દર્શાવતું પત્રક વિના વિલંબે ફરજીયાત રજુ કરવાનું રહેશે.

જિલ્લા ન્યાયાલય, નડીઆદ.
તા.૨૭.૧૨.૨૦૨૧

(એલ.એસ.પિરઝાદા)
મોટર અકસ્માત વળતર પંચ (મુખ્ય)
જી.ખેડા, મુ.નડીઆદ.